## મેટ્રોપોલિટન પોલીસ સેવા વિશે

સર રોબર્ટ પીલ દ્વારા 1829માં સ્થપાયેલી મેટ્રોપોલિટન પોલીસ સર્વિસ (એમ.પી.એસ.), ગ્રેટર લંડનમાં કાયદાની અમલબજાવણી માટે જવાબદાર પોલીસ પ્રાદેશિક પોલીસ દળ છે, આમાં સિટી ઓફ લંડનનો સમાવેશ થતો નથી, જેના માટે સિટી ઓફ લંડન પોલીસ જવાબદાર છે.

યુનાઈટેડ કિંગડમના આ મોટામાં મોટા પોલીસ દળ મેટ્રોપોલિટન પોલીસ સર્વિસમાં 51,000 કરતાં વધારે ઓફિસરો અને કર્મચારીઓ કામ કરે છે. તે 620 ચોરસ માઈલના વિસ્તારમાં પથરાયેલી લંડનની 32 કરતાં વધારે બરોઝને આવરી લે છે અને 7.2 મિલિયન કરતાં વધારે વસતી પોતાની સેવા પૂરી પાડે છે.

મેટ્રોપોલિટન પોલીસ સર્વિસની દોરવણી કમિશનર ઓફ પોલીસ ઓફ ધ મેટ્રોપોલીસ દ્વારા કરવામાં આવે છે, જેમને સામાન્ય રીતે કમિશનર તરીકે ઓળખવામાં આવે છે. મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી માટેની જવાબદારી કમિશનર પર રહેલી છે. હાલના કમિશનર સર પોલ સ્ટીફનસન છે.

મેટ્રોપોલિટન પોલીસ સર્વિસનાં મુખ્ય મથકોને લંડનમાં વેસ્ટમિન્સ્ટરમાં ન્યૂ સ્કોટલેન્ડ યાર્ડમાં ખસેડવામાં આવ્યા પછી તે સામાન્ય રીતે 'સ્કોટલેન્ડ યાર્ડ' તરીકે પણ ઓળખાય છે.

## પોલીસનો સંપર્ક કરવો

### ઈમર્જન્સીની પરિસ્થિતિઓ

ઈમર્જન્સી  - કટોકટીની પરિસ્થિતિમાં તમારે 999 પર ફોન કરવો જોઈએ. તમને જ્યારે તાત્કાલિક પ્રતિસાદની જરૂર હોય ત્યારે પોલીસનો સંપર્ક કરવા માટે તમારે આ સેવાનો ઉપયોગ કરવો જોઈએ - જેમ કે તે જ પળે કોઈ ગુનો થઈ રહ્યો હોય અથવા કોઈના ઉપર તાત્કાલિક ખતરો હોય.

999 કોલની સિસ્ટમમાં પોલીસ ઉપરાંત ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ માટેના કોલ્સ  પણ લેવામાં આવે છે, આથી તમે પહેલીવાર જ્યારે આ નંબર પર વાત કરો ત્યારે તમને કઈ સેવાની જરૂર છે તે અત્યંત સ્પષ્ટપણે જણાવવું જોઈએ અને બીજું તમે કઈ ભાષા બોલો છો તે તેમને કહેવું જોઈએ. ઈમર્જન્સી સેવાઓ લેંગ્વેજ લાઈન મારફતે 170 ભાષાઓમાં દુભાષિયાઓ પૂરા પાડે છે.

### ઈમર્જન્સી ન હોય ત્યારે

જો તમારે પોલીસનો સંપર્ક કરવાની જરૂર પડે પણ તે કોઈ ઈમર્જન્સી - કટોકટીની પરિસ્થિતિ **ન** હોય, તો તમારે નીચેનામાંથી કોઈ એક બાબત કરવી જોઈઃ

- 24 કલાકના બિન-ઈમર્જન્સી નંબર 101 ઉપર ફોન કરો
- તમારા સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો

બિન-ઈમર્જન્સીની પરિસ્થિતિઓમાં તમારે સામાન્ય રીતે જે વિસ્તારમાં ગુનો બન્યો હોય ત્યાંના સ્થાનિક પોલીસ દળનો સંપર્ક કરવો જોઈએ - ફોન દ્વારા અથવા નજીકના જે પોલીસ સ્ટેશનમાં જાહેર જનતા માટે આગળની ઓફિસ ખુલ્લી રાખવામાં આવતી હોય ત્યાં જઈને.

તમારા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માટેની વિગતો જાણવા માટે અહીં ક્લિક કરો.

- સામાન્ય પૂછપરછો

અમને સામાન્ય પૂછપરછ મોકલવા માટે, કૃપા કરીને આ સરનામે લખોઃ

General enquiries.
Metropolitan Police Service
New Scotland Yard
Broadway

London
SW1H 0BG
020 7230 1212 (24 કલાક સ્વિચબોર્ડ)

<u>ક્રાઈમસ્ટોપર્સ</u>

ક્રાઈમસ્ટોપર્સ સમગ્ર યુકેમાં વ્યાપ્ત એક સ્વતંત્ર ચેરિટી (ધર્માદા સંસ્થા) છે, જે ગુના રોકવા માટે કામ કરે છે. જો તમારી પાસે કોઈ ગુના વિશે માહિતી હોય જે તમે ખાનગીમાં અને તમારું નામ ગુપ્ત રાખીને જણાવવા માગતાં હો, તો 0800 555 111 પર મફત ફોન કરો.

<u>આતંકવાદ વિશે જાણ કરો</u>

જો તમારી પાસે કોઈ સંભવિત આતંકવાદી પ્રવૃત્તિઓ વિશે માહિતી હોય તો એન્ટી-ટેરરિસ્ટ હોટલાઈનને ખાનગીમાં 0800 789 321 પર ફોન કરો.

સંભવિત બોમ્બ ધડાકા અથવા અન્ય તત્કાલિન ખતરા વિશે ચેતવણીઓ આપવા માટે 999 પર ફોન કરો.